# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-10-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુડિંયા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં અંદાજે 6 હજાર 100 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો પ્રારંભ કરાવશે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ મંગળવારે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કરશે.
3) દિવાળી અને છઠ પૂજાના તહેવારોને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગ મહારાષ્ટ્રના વિવિધ સ્થળોએથી 570 વિશેષ ટ્રેન દોડાવશે
4) રાજસ્થાનના ધૌલપુરમાં માર્ગ અકસ્માતમાં 12 લોકોના મોત
5) બેંગ્લોરમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ન્યૂ ઝિલેન્ડ સામે ભારતનો પરાજય

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM VARANASI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસીના પ્રવાસ દરમિયાન અંદાજે 6 હજાર 100 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો પ્રારંભ કરાવશે. શ્રી મોદી બપોરે 2 વાગ્યાની આસપાસ કાશી પહોંચશે અને આર. ઝૂનઝૂનવાલા શંકર આંખની હૉસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ સાંજે સવા ચાર

વાગ્યાની આસપાસ તેઓ વારાણસીના સિગરા સ્ટેડિયમમાં વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

શ્રી મોદી 2 હજાર870 કરોડ રૂપિયાના ખર્ચે વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય હવાઈમથકના રનવેના વિસ્તરણ, એક નવા ટર્મિનલ ભવનના નિર્માણ અને સંબંધિત કાર્યોનો શિલાન્યાસ કરશે. તેઓ આગરા હવાઈમથક પર 570 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે, દરભંગા હવાઈમથક પર અંદાજે 910 કરોડ રૂપિયાના ખર્ચે અને બાગડોગરા હવાઈમથક પર એક હજાર 550 કરોડરૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા નવા સિવિલ એન્કલેવનો પણ શિલાન્યાસ કરશે.

# PM - REWA AIRPORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મધ્યપ્રદેશમાં નવનિર્મિત રીવા હવાઈ મથકનો શિલાન્યાસ કરશે. મધ્યપ્રદેશના ભોપાલ, જબલપુર, ખજુરાહો, ઈન્દોર અને ગ્વાલિયર પછી રીવા રાજ્યનું છઠ્ઠું હવાઈ મથક હશે. 102 હેક્ટર જમીન પર અને 450 કરોડના ખર્ચે બનેલું આ મથક 50 વર્ષ સુધીની જરૂરિયાતોને અનુરૂપ છે. તેનો રનવે 30 મીટર પહોળો અને 800 મીટર લાંબો છે. મથક પર ફ્લાઇટ શરૂ થવાથી રાજ્યના 65 લાખથી વધુ લોકોને લાભ થશે..

દરમિયાન પ્રધાનમંત્રી આજે છત્તીસગઢના અંબિકાપુરમાં આદિવાસી વિસ્તારના સુરગુજા ક્ષેત્રમાં આવેલા મા મહામાયા હવાઈમથકનું પણ વર્ચ્યુઅલ માધ્યમથી ઉદ્ઘાટન કરશે. આ મથક સુરગુજા વિભાગમાં ઉન્નત પરિવહન સુવિધાઓ વેપારી પ્રવૃત્તિઓ, પ્રવાસનને વેગ આપશે અને નોકરીની તકનું સર્જન કરશે.

# PREZ - NATIONAL WATER AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ મંગળવારે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર-2023 એનાયત કરશે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે નવ શ્રેણીમાં 38

વિજેતાઓની જાહેરાત કરી છે. જેમાં શ્રેષ્ઠ રાજ્ય, શ્રેષ્ઠ જિલ્લા, શ્રેષ્ઠ ગ્રામ પંચાયત, શ્રેષ્ઠ શહેરી સ્થાનિક સંસ્થા, શ્રેષ્ઠ પાણી ઉપયોગકર્તા સંગઠન અને શ્રેષ્ઠ સિવિલ સોસાઇટીનો સમાવેશ થાય છે. શ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં ઓડિશા પ્રથમ, ઉત્તરપ્રદેશ બીજા, ગુજરાત અને પુડુચેરી સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે. દરેક પુરસ્કાર વિજેતાને પ્રશસ્તિપત્ર અને ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર અપાશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, સરકાર જળ વ્યવસ્થાપન અને જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે રાષ્ટ્રીય સ્તરે એક વિશાળ અભિયાન ચલાવી રહી છે. દેશભરમાં સમૃદ્ધ ભારતના સરકારના ધ્યેયને હાંસલ કરવા માટે કામ અને પ્રયાસ કરતા લોકો અને સંસ્થાઓની રાષ્ટ્રીય જળ પુરસ્કાર માટે પસંદગી કરાય છે

# CR - SPECIAL TRAIN

દિવાળી અને છઠ પૂજાના તહેવારોને કારણે ઉત્તર અને પૂર્વીય રાજ્યોમાં મુસાફરોના ભારે ધસારાને ધ્યાને લઇ રેલવે વિભાગે મહારાષ્ટ્રના વિવિધ સ્થળોએથી 570 વિશેષ ટ્રેન ચલાવવાનું નક્કી કર્યું છે. જેમાં મધ્ય રેલવે દ્વારા લાતુર, સાવંતવાડી રોડ, નાગપુર, પુણે, કોલ્હાપુર, નાંદેડ અને મહારાષ્ટ્રના અન્ય સ્થળોએ મુસાફરી કરતા મુસાફરો માટે ખાસ ટ્રેન ચલાવવામાં આવી રહી છે.

ઉત્તર તરફ જતા મુસાફરો માટે, મધ્ય રેલ્વે વિવિધ સ્થળો જેમ કે દાનાપુર, ગોરખપુર, છપરા, બનારસ, સમસ્તીપુર, આસનસોલ, અગરતલા, સંતરાગાચી અને અન્ય સ્થળોએ 378 ટ્રીપ ચલાવી રહી છે. દક્ષિણ તરફ જતા મુસાફરો માટે, મધ્ય રેલવે વિવિધ સ્થળો જેમ કે કરીમનગર, કોચુવેલી, કાઝીપેટ, બેંગલુરુ અને અન્ય સ્થળોએ 84 ટ્રીપ ચલાવી રહી છે. આ ટ્રેનોમાં એસી સ્પેશિયલ, એસી, સ્લીપર અને જનરલ કોચના મિશ્ર સંયોજનવાળી ટ્રેનો અને અનરિઝર્વ્ડ સ્પેશિયલનો પણ સમાવેશ થાય છે.

# INDONESIA - PREZ

પ્રબોવો સુબિયાન્ટોએ આજે વિશ્વની ત્રીજી સૌથી મોટી લોકશાહી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. 73 વર્ષીય શ્રી પ્રબોવો, સત્તાવાર રીતે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા મુસ્લિમ દેશના આઠમા રાષ્ટ્રપતિ બન્યા છે. 14 ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં, ભૂતપૂર્વ વિશેષ દળોના કમાન્ડર પ્રબોવો સુબિયાન્ટોને લગભગ 60 ટકા મત મળ્યા હતા.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# RAJASTHAN ROAD ACCIDENT

રાજસ્થાનના ધૌલપુરમાં રાષ્ટ્રીય રાજમાર્ગ પર ગતરાત્રે એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા 12 લોકોના મોત નીપજ્યા હોવાના અહેવાલ છે. મોટાભાગના બાળકો અને મહિલાઓએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. આ તમામ લોકો લગ્ન સમારોહમાંથી પરત આવી રહ્યા હતા.

દરમિયાન એક સ્લીપર બસ અને ઓટોરિક્ષા વચ્ચે ટક્કર થતાં આ અકસ્માત સર્જાયો હતો. જ્યારે બસચાલક અને કંડક્ટરની હાલત પણ ગંભીર છે. તેમને જિલ્લાની હૉસ્પિટલમાં દાખલ કરાયા છે.

આ ઘટના અંગે પ્રધાનમંત્રીએ શોક વ્યકત કરી મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

# REV ISRAEL ATTACK IDF

ઉત્તરી ગાઝાના બૈત લાહિયામાં ઈઝરાયેલે હુમલો કરતા ઓછામાં ઓછા 70 લોકોના મોત નીપજ્યા છે. જોકે, હજી અનેક લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે.

ગાઝાના સરકારી મીડિયા કચેરીના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરી ચાલી રહી હોવાથી મૃત્યુઆંક વધે તેવી શક્યતા છે. ઈઝરાયેલની સેનાએ ઘેરાબંધી કરતા ગાઝાનો ઉત્તરનો પ્રદેશ 16 દિવસથી ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યો છે. ઈઝરાયેલે આ વિસ્તારમાં ખોરાક, પાણી અને તબીબી પૂરવઠો જેવી સેવાઓ બંધ કરાવી દીધી છે. જોકે, ઇઝરાયેલી સંરક્ષણ દળો - IDFએ હમાસના 70થી વધુ જાનહાનિના દાવા પર સવાલ ઉઠાવ્યા છે.

# CRICKET - INDIA-NZ

બેંગ્લોરમાં ત્રણ ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ભારત ન્યૂ ઝિલેન્ડ સામે આઠ વિકેટથી હારી ગયું છે. એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં આજે ન્યૂ ઝિલેન્ડે એક શૂન્યની સરસાઈ મેળવી લીધી છે. ભારતે ન્યૂ ઝિલેન્ડને જીતવા માટે 107 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

# INDIA SQUAD-AFC

ભારતે એશિયન ફૂટબોલ મહાસંઘ -AFC અંડર-17 એશિયન કપ 2025 ક્વોલિફાયર માટે 23 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. થાઈલેન્ડમાં 23 થી 27 ઓક્ટોબર દરમિયાન યોજાનારી આ સ્પર્ધા માટે ભારતની ટીમના મુખ્ય કોચ ઈશ્ફાક અહેમદે આ જાહેરાત કરી હતી..

ભારતને ગ્રુપ ડીમાં રખાયું છે, જ્યાં તેનો મુકાબલો 23 ઓક્ટોબરે બ્રુનેઈ દારુસલામ, 25 ઓક્ટોબરે તુર્કમેનિસ્તાન અને 27 ઓક્ટોબરે થાઈલેન્ડ સામે થશે.

ક્વોલિફિકેશન તબક્કામાં 10 જૂથ છે. આ સ્પર્ધાનું આયોજન સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## SWISS OPEN TENNIS

ટેનિસમાં, સુમિત નાગલે ગઈકાલે સ્વિસ ઈન્ડોર્સ સ્પર્ધાના પુરુષ સિંગલ્સ ક્વાલિફાઈંગના પહેલા રાઉન્ડમાં અર્જેન્ટિનાના ફેસુંડો ડિયાઝ અકોસ્ટાને પરાજય આપ્યો હતો. સ્વિત્ઝર્લેન્ડના બેસર ખાતે રમાયેલી આ મેચમાં પહેલા નંબરના ભારતીય ટેનિસ ખેલાડીએ વિશ્વના 67મા નંબરના અર્જેન્ટિનાના ખેલાડીને 5—7, 7—6, 7—6થી હરાવ્યા હતા.

હવે આજે સાંજે બીજી ક્વાલિફાયરમાં સુમિત નાગલ ચોથા ક્રમાંકિત ઑસ્ટ્રેલિયાના જેમ્સ ડકવર્થ સામે રમશે. જ્યારે પુરુષ ડબલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ભારતનાં યુકી ભાંબરી અને ફ્રાન્સના અલ્બાનો ઑલિવેટી આવતીકાલે બ્રિટનના જૉ સેલિસબરી અને નેધરલેન્ડના જીન-જૂલિયન રોજર સામે રમશે.

## JOHOR CUP - HOCKEY

હોકીમાં, ભારતીય જુનિયર પુરુષ ટીમે મલેશિયામાં રમાઈ રહેલા ‘સુલતાન ઓફ જોહોર કપ 2024’માં ભારતીય ટીમ આજે બપોરે બ્રિટન સામે ટકરાશે. મેચ ભારતીય સામે અનુસાર બપોરે 1.35 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રમાયેલી પ્રથમ મેચમાં ભારતે જાપાનને ૪-૨ થી હરાવીને શાનદાર શરૂઆત કરી છે. ભારતના અમીર અલીએ 12મી મિનિટે શાનદાર ફિલ્ડ ગોલ સાથે સ્કોરબોર્ડમાં પ્રથમ ગોલ નોંધાવ્યો હતો.

આ મેચ ઓલિમ્પિક ખેલાડી પીઆર શ્રીજેશ માટે ભારતીય જુનિયર પુરૂષ ટીમના કોચ તરીકે સફળ પદાર્પણ કરવામાં મહત્ત્વની સિદ્ધિ સાબિત થશે. અન્ય મેચમાં બ્રિટને ઓસ્ટ્રેલિયાને 3-1થી હરાવ્યું હતું..

## CHOUHAN - COMMITTEE

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે, સરકાર ખેત પેદાશોના ભાવ અને બાગાયત ઉત્પાદનોની છૂટક કિંમત વચ્ચેની અસમાનતાને દૂર કરવા એક સમિતિની રચના કરશે. નવી દિલ્હીમાં એક કૃષિ પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, જ્યારે ખેડૂતો 5 રૂપિયા પ્રતિ કિલોના ભાવે શાકભાજી વેચે છે, ત્યારે ગ્રાહકોએ 50 રૂપિયા ચૂકવવા પડે છે. આ અંતર ઘટાડવાની જરૂર છે.

શ્રી ચૌહાણે કૃષિ સંશોધનમાં લેબ-ટુ-લેન્ડ ગેપને દૂર કરવાના હેતુથી આવતા મહિને 'કૃષિ ચૌપાલ' યોજના શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. તેમણે ICAR, વિશ્વવિદ્યાલયો અને રાજ્ય સરકારો સહિત વિવિધ સત્તાધીશો હેઠળ તેમના વિભાજિત સંચાલન અંગેની ચિંતાઓને પ્રકાશિત કરીને સમગ્ર દેશમાં 730 કરતાં વધુ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની કામગીરીને અનુકૂળ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ખેતી દેશની આર્થિક કરોડરજ્જુ છે અને આ ક્ષેત્રને મજબૂત કર્યા વિના કોઈ પ્રગતિ શક્ય નથી.